# નોટાના ઉપયોગથી અનેક નેતાઓના ભાવિ પર પાણી

## દાહોદમાં ૩૨૩૦૫ મતદારો દ્વારા ઉપયોગ : લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત ઉપયોગ કરાયેલ નોટાનો ગુજરાતના જુદા જુદા મતવિસ્તારમાં પણ ઉપયોગ કરાયો

અમદાવાદ, તા.૧૮

લોકસભાની ચૂંટણી પરિપૂર્ણ થઇ ચુકી છે ત્યારે આ વખતે લોકસભાની ચૂંટણીમાં અનેક નવા રેકોર્ડ પણ સર્જાયા છે. ગુજરાતમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર ૨.૫૬ કરોડ મતદારો પૈકીના ૪૫૪૮૮૦ મતદારો અથવા તો ૧.૮ ટકા મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો. લોકસભાની ચૂંટણીમાં નોટાનો પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો. નન ઓફ એબોવ એટલે કે નોટાની હાલમાં જ પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીમાં પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદથી આને લઈને પણ ચર્ચા છે.


નોટાના કારણે પણ ઘણા નેતાઓ નોકઆઉટ થઈ ગયા છે. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પૈકી મોટાભાગની બેઠકમાં મતદારો દ્વારા નોટાનો ઉપયોગ થયો હતો. જો કે, ગુજરાતમાં નોટાનો ઉપયોગ કરનાર લોકો ઓછા રહ્યા છે. ૧૭ લોકસભા સીટમાં નોટા ત્રીજા ક્રમાંક ઉપર છે. મતદારોની નોટા ત્રીજી મુખ્ય પસંદગી રહી હતી. ભાજપ અને કોંગ્રેસ બાદ આ પસંદગી હતી. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અમદાવાદ પૂર્વ, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર અને બારડોલીમાં આના ઉપયોગ થયો હતો. દાહોદમાં કુલ ૩૨૩૦૫ મતદારો નોટા બટન દબાવીને ઘણા ઉમેદવારોના ભાવિ ઉપર પાણી ફેરવી દીધા હતા. આવી જ રીતે છોટાઉદેપુરમાં પસંદગી માટે ૨૮૮૧૫ મતદારોએ આનો ઉપયોગ કર્યો હતો. ગુજરાતમાં મતદારે સ્પષ્ટતા કરી દીધી છે કે, ભાજપ અને કોંગ્રેસ એમ બે મુખ્ય પાર્ટીઓને મત આપવા કરતા નોટાને પ્રાથમિકતા આપશે. નોટા એક અસરકારક હથિયાર તરીકે છે. પ્રથમ વખત લોકસભાની ચૂંટણીમાં તેનો ઉપયોગ થયો છે. ગુજરાતના મતદારોએ ખુબ જ સાવધાનીપૂર્વક મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૪.૫ લાખની નોટા ટેલિની સામે અરવિંદ કેજરીવાલની પાર્ટીને ત્રણ લાખ મત મળ્યા છે. આ ખુબ જ આશ્ચર્યજનક બાબત છે. વડોદરામાં નોટા માટે ૧૮૦૫૩ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો. નોટા માટે પ્રચારક તરીકે રહેલા કેટલાક લોકોએ આ અંગેની પ્રતિક્રિયા પણ આપી છે.

# વિરમગામથી માંડલ મુખ્ય માર્ગની ખારા ઘોડા નર્મદા નહેર પાણીથી વંચિત

## નહેરમાં પાણી જ રહેતુ ન હોવાથી ચર્થક ફક્ત ચોમાસુ ખેતી ઉપર જ નિર્ભર, પીવાના પાણીની સમસ્યા

ગાંધીનગર, તા. ૧૮

ખાખરીયા ટપ્પા તરીકેનો પ્રચલિત વિસ્તાર હાલ પાણી પાણીનો પોકાર કરી રહ્યો છે. વિરમગામથી માંડલ મુખ્ય માર્ગ ઉપર આવેલી ખારા ઘોડા નર્મદા નહેર પાણી વગર ભેંકાર ભાસી રહી છે. આ નહેરમાં પાણી રહેતુ ન હોવાથી ચર્થક ફક્ત ચોમાસુ ખેતી ઉપરજ નિર્ભર બન્યો છે. જો કે આ વિસ્તારમાં ભુગર્ભના જળસ્તર ખુબ જ ઊંડા હોવાથી બોર-કુવામાં પણ પાણી તળીયે રહે છે જેથી પિવાના પાણીની પણ સમસ્યા સર્જાતી હોવાની વેદના લોકો વ્યક્ત કરી રહ્યા છે.


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)



વિરમગામ તથા તેની આજુબાજુનો વિસ્તાર ખાખરીયા ટપ્પા તરીકે ઓળખાય છે. અહીં ખેતી લાયક જમીનનો અભાવ રહેતા ઔદ્યોગિક એકમો સક્રિય બન્યા છે. જેમાં નર્મદા નિગમ લિમીટેડની કેટલીક નહેરો આ વિસ્તારમાંથી પસાર થાય છે. પરંતુ આ નહેરોમાં પણ પાણી ન રહેતા ખેતી ફક્ત ચોમાસુ સિઝન પૂરતી મર્યાદીત બની ગઈ છે. વિરમગામ અને માંડલ વચ્ચે સરદાર સરોવર નિગમ લીમીટેડની ખાસ ખારા ઘોડા શાખા નહેર મુખ્ય માર્ગ ઉપરથી પસાર થઈ રહી છે.

આ નહેરની સાંકળ ૩૭૯૨૬ મીટરની છે. જ્યારે મહત્તમ જળ સપાટી ૨.૦૫ મીટર રાખેલી છે છતાં પણ આ નહેરમાં કદાચ વર્ષમાં એકાદ વાર પાણીના દર્શન થતાં હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે. જો કે ભુગર્ભ જળ સપાટી તદન નિમ્ન હોવાથી અહી ખેતી ચોમાસુ પાણીથી જ થાય છે. જેથી જો નહેરમાં પાણીનુ સ્તર જળવાય તો સિંચાઈ કરીને પણ ખેતી કરવાની ખેડૂતોમાં મહેચ્છા રહેલી છે. સાથોસાથ નહેરના પાણી થકી બોરકુવાના જળસ્તર ઉંચા આવી શકે છે જેથી પીવાના પાણીની સમસ્યા હલ થઈ લોકોને રાહત મળી શકે છે.

આ વિસ્તારમાંથી પસાર થતી આ નહેરની આજુબાજુનો ખેતીલાયક જમીન પણ સુકી ભઠ્ઠ અને નિર્જીવ દેખાઈ રહી છે. જો કે અહીંની જમીન કાળી અને સુક્કી માટીની બનેલ હોઈ ચોક્કસ જ ખેતી થઈ શકે છે જેથી રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક એકમોને સક્રિય કરવા પ્રયાસ કરી રહી છે. જેથી પંથકમાં રોજગારીનું પ્રમાણ વધી શકે. જો કે નર્મદા નહેરોને પાણીથી ભરપૂર રાખવા લોકોની માંગ આ પથંકમાં સતત થઈ રહી છે.

# ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી દેશના લોકોની અપેક્ષાઓ પુરી કરે તેવી શુભેચ્છા

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને તેની સાથે જોડાયેલા ૫૪ મંડળોએ યશ પ્રાપ્તિ માટે શુભકાનાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ એનડીએ ભારે બહુમતિ મેળવી છે. રાજ્યના સી.એમ. દેશના પી.એમ. બનશે તે ગુજરાત અને ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. ગુજરાતના વર્ષોથી પડતર પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવે તેવી આશા વ્યક્ત કરી છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં અત્યારે દિવાળીનો માહોલ છે. ગુજરાતના લોકલાડીલા સી.એમ. હવે દેશના પી.એમ. બનશે. તેને લઈને ગુજરાતનો છેવાડાના ગામડાનો માણસ ખુશી અનુભવી રહ્યો છે. ત્યારે અન્યની પ્રજાની ઈચ્છાઓ અને અપેક્ષાઓ ખુબજ બંધાઈ છે.

ગાંધીનગર શહેર વસાહત મંડળ અને તેની સાથે જોડાયેલા ૫૪ મંડળોએ નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ હરણફાળ પ્રગતિ કરે અને મોદીને દિર્ઘાયુ પ્રાપ્ત થાય તે માટે શુભકામનાઓ પાઠવી છે. સાથે સાથે મોદીજી રાજ્યના પડતર પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવે તેવી આશા વ્યક્ત કરી છે.

મોદીજીના કોંગ્રેસ મુક્ત ભારતના સપનાને પુરૂ કરવા દેશના મતદારોએ સાથ અને સહકાર આપ્યો છે. ત્યારે લોકોની અપેક્ષાઓ બર આવે તેવી શુભેચ્છા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પાઠવી છે.

# ટ્રાફિક પોલીસે દંડરૂપે નવ કરોડ વસુલ કર્યા

અમદાવાદ, તા.૧૮

દેશના વડાપ્રધાન બનવા જઈ રહેલા નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ અમદાવાદમાં ધરણીધર ચાર રસ્તા ખાતે વિજય રેલીને સંબોધતા નાના-નાના મુદ્દાઓ ઉપર વાત કરી હતી. મોદી દ્વારા કરવામાં આવેલી વાતને લઈને ભારે ચર્ચા લોકોમાં ચાલી રહી છે. ધરણીધર દેરાસર ખાતે સંબોધનમાં મોદીએ ભારતને વધુ શક્તિશાળી અને સારુ બનાવવા માટે માર્ગો ઉપરના ધારા ધોરણને ન તોડવાની પણ અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ટ્રાફિક કાયદાઓના નિયમોને પણ જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. કારણ કે નાગરિકોની આ મૂળભૂત જવાબદારી છે. ખોટી બાજુમાં ડ્રાઈવિંગ કરવાની ટેવ પડેલી છે પરંતુ આના કારણે નુકસાન થઈ શકે છે. દેશની સેવા કરવાની વાત કરવામાં આવે તો આ બાબત ખુબ મહત્વની છે. ભાજપને ગુજરાતમાં શાનદાર જીત મળી છે. મતદારોએ શાનદાર જીત ભાજપને અપાવી છે પરંતુ ટ્રાફિક નિયમોની વાત કરવામાં આવે છે ત્યારે આ રેકોર્ડ નિરાશાજનક રહ્યો છે. અમદાવાદ ટ્રાફિક પોલીસે નિયમોનો ભંગ કરનાર પાસેથી દંડ તરીકે નવ કરોડ રૂપિયાની વસૂલાત કરી છે. તમામ લોકોએ ભાવિ વડાપ્રધાનના સૂચનોને પાળવાની સલાહ પણ નિષ્ણાત લોકો આપે છે.

# ગરમીના પ્રમાણમાં વધુ વધારો : લોકો પરેશાન

## શહેરમાં ડીહાઈડ્રેશન સાથે ઝાડા-ઉલટીના કેસોમાં વધારો

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ સહિત રાજ્યમાં કાળઝાળ ગરમીથી કોઈ રાહત મળી રહી નથી. હવામાન વિભાગ તરફથી હિટવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગ યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગરમીનો પારો વધવાની સાથે વધવાની સાથે આગામી દિવસોમાં ડીહાઈડ્રેશન સાથે ઝાડા-ઉલ્ટીના કેસોમાં વદારો થવાની સંભાવના હોવાથી શહેરીજનોએ વધુ તકેદારી રાખવી જોઈએ તેવું ડોકટરોએ જણાવ્યું છે. આ ગરમીમાં બપોરનાં સમયે ઘરની બહાર રહેતા યંગસ્ટર્સ સૌથી વધુ શિકાર બને છે તેમજ આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધવાની સાથે આ કેસ ડબલ થવાની સંભાવના છે. હવામાન વિભાગે અમદાવાદ માટેની આગાહીમાં જણાવ્યું છે કે, મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે. સામાન્ય રીતે પશ્ચિમી પવનો નિચલી સપાટી ઉપર ફૂંકાઈ રહ્યા છે. ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાટા પડી શકે છે પરંતુ તીવ્ર ગરમીથી લોકોને હાલ કોઈ રાહત મળે તેવી શક્યતા નથી.

## શબ્દાવલી - ૫૩૯૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | |
| | ■ | ૬ | | | | | ■ |
| ૭ | ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ |
| ■ | ૧૧ | | | | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | ■ | ૧૪ | | ■ |
| ■ | | ■ | ■ | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | | ૧૮ | ૧૯ | | | ■ | |
| | ■ | ૨૦ | | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. પ્રાઇવેટ, પર્સનલ (૩)
૩. ઝગડાનું સ્વરૂપ, ચડસાચડસી (૪)
૬. દૂધની એક બંગાળી વાનગી (૫)
૭. અમદાવાદની એક ટોકીઝ જેના પરથી વીજળીઘરના રોડનું નામ.... પડ્યું (૩)
૯. ક્યુનું સ્ત્રીલીંગ (૨)
૧૧. હેરાન કરવું (૪)
૧૨. હાથે કાંતેલા સુતરનું હાથ વણાટ કાપડ (૨)
૧૩. ચોળીની શીંગ જેવું શાક(૩)
૧૪. ખુબ, વધારે (૨)
૧૫. ... પાન અને ... સેલા વખણાય (૪)
૧૭. ઉત્પાદન કરતી કંપની... કંપની કહેવાય (૬)
૨૦. ખારેક.... માંથી બને (૩)
૨૧. લુપ્ત થવું તે (૨)

### ઊભી ચાવી

૧. ભરોસો, વિશ્વાસ (૩)
૨. કેદ પકડવું તે (૫)
૩. ચળકવું, ઝબકી જવું (૪)
૪. તાંબા-પિત્તળના વાસણોમાં અંદર.... કરાવવી પડે (૩)
૫. અંદર (ગામઠી શબ્દ (૨)
૮. સ્કૂલ છોડ્યાનું પ્રમાણપત્ર (૫)
૧૦. ગાદલી, ગાદલુ (૨)
૧૨. માટે, આપકી.... (૩)
૧૪. દાડમ (૩)
૧૫. બેલ-ઘંટડી (૩)
૧૬. પ્રવાહી દવા (૩)
૧૭. ફરજ (૨)
૧૮. સો હજાર, લક્ષ (૨)
૧૯. જૂઇ, શબ્દ ઊંધો (૨)

### શબ્દાવલી ૫૩૯૫ના જવાબ

***આડી ચાવી :-*** (૧) સમૃદ્ધ (૩) પુરોહિત (૬) રત (૭) સનદ (૮) વાક (૯) બરોડા (૧૧) વેણ (૧૨) તલવાર (૧૪) તર (૧૫) સુવિધા (૧૭) સ્કભાર (૨૦) ખેર (૨૧) રણુજા (૨૨) ઓવારણા

***ઊભી ચાવી :-*** (૧) સરવાળો (૨) મૃતક (૩) પુનરોદ્ધાર (૪) રોદડા (૫) તરફેણ (૭) સબ (૧૦) ભાલ (૧૧) વેરવિખેર (૧૨) તરભાણું (૧૩) વાદી (૧૪) તસ્કર (૧૬) ધારણા (૧૮) રજા (૧૯) ગાઓ

## નવા મુખ્યમંત્રી પદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારાસભ્યોના મન જાણી રાષ્ટ્રીય પ્રમુખને જાણ કરશે. ત્યારબાદ રાજનાથસિંઘ નવા મુખ્યમંત્રીનું નામ જાહેર કરશે. જો કે ગુજરાતના નવા મુખ્યમંત્રી પદ માટે અત્યારસુધી ચારથી પાંચ નામોની અટકળો થઈ રહી હતી. જો કે નવા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલનું નામ નિશ્ચિત હોવાનું મનાઈ રહ્યું છે. જો કે આગામી બે દિવસમાં સત્તાવાર રીતે નવા મુખ્યમંત્રીનું નામ પણ જાહેર કરી દેવાશે.

## સરકાર રચના માટે મંથન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી હતી. પાટનગર દિલ્હીમાં મોદીએ અમિત શાહ, ધર્મેન્દ્ર પ્રધાન અને અન્યો સાથે વાતચીત કરી હતી. ઉત્તરપ્રદેશમાં પાર્ટીને અભૂતપૂર્વ સફળતા અપાવનાર અમિત શાહ અને બિહારમાં પાર્ટીને ઉલ્લેખનીય સફળતા અપાવનાર ધર્મેન્દ્ર પ્રધાને બંને રાજ્યોમાં ઉભી થયેલી પરિસ્થિતિ ઉપર ચર્ચા કરી હતી. ભાજપમાં વાતચીતનો સિલસિલો હજુ પણ આગળ વધે તેવી શક્યતા છે. ગઈકાલે ભાજપ સંસદીય બોર્ડની ચૂંટણી બાદ પ્રથમ બેઠક યોજાઈ હતી. કેબિનેટની રચનાને લઈને વાતચીતનો સિલસિલો ચાલી રહ્યો છે. મોદી સંઘના નેતાઓ સાથે પણ વાતચીત કરી રહ્યા છે.

## શિવ-શક્તિની ઉપાસનામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવા સંજોગોમાં સિનિયર મંત્રી આનંદીબેન પટેલનું નામ નિશ્ચિત હોવાનું મનાઈ રહ્યું છે. આનંદીબેન આજે અંબાજીમાં માતાજીના દર્શન કરી પૂજા-અર્ચના પણ કરી હતી. મુખ્યમંત્રી પદ માટે તેમનું નામ લગભગ નિશ્ચિત છે ત્યારે શક્તિની ઉપાસના કરી તેમણે માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. પી.એમ. બનવા જઈ રહેલા નરેન્દ્ર મોદીએ પણ ગઈકાલે કાશી વિશ્વનાથની મહાપૂજા કરી ગંગામૈયાની આરતીમાં હાજરી આપી હતી.

## નેતાની વરણી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખરી પસંદગી કરીને નામની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નવા મુખ્યમંત્રી માટેની રેસમાં રાજ્યના મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનુ નામ લગભગ નિશ્ચિત મનાઈ રહ્યું છે. જો કે ગુજરાતના મુખ્યમંત્રી કોને તેમના ઉત્તરાધિકારી બનાવે છે તેના પર સૌ કોઈની નજર મંડાયેલી છે. આનંદીબેન પટેલ ઉપરાંત પ્રદેશ ભાજપ મહામંત્રી ભિખુભાઈ દલસાણીયા અને રાજ્યના નાણાંમંત્રી નિતીનભાઈ પટેલના નામો પણ ચર્ચાઈ રહ્યા છે. જો કે ૨૧મીએ મળનારી ધારાસભ્યોની બેઠકમાં જ નવા મુખ્યમંત્રીના નામની પસંદગી કરીને નામની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ટાઈમ લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપણા અમિત શાહ છે. આમ જોઈએ તો ગુજરાતને ન્યાય માટે આ બન્ને નેતાઓ કાફી છે, કારણ કે તેઓ ગુજરાત પ્રેમી છે...

પાર્ટીમાં અને સચિવાલયમાં ચાલતી ચર્ચા પ્રમાણે પોરબંદરના વિઠ્ઠલ રાદડિયા અને નવસારીના સી. આર. પાટીલનું કેબિનેટમાં સ્થાન હોઈ શકે છે. એ ઉપરાંત બનાસકાંઠાના હરિભાઈ ચૌધરી કે ખેડાના દેવુસિંહ ચૌહાણ અથવા ભરૂચના મનસુખ વસાવાને તક મળે તેવી છે. ભાજપે તો ભરતસિંહ સોલંકી, તુષાર ચૌધરી અને દિનશા પટેલ એમ ત્રણ યુનિયન મિનિસ્ટરોને હરાવી દીધા છે. ગુજરાતના પાટનગરમાંથી ચૂંટાયેલા લાલકૃષ્ણ અડવાણી એક વખત ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર બની ચૂક્યા છે પણ હવે તેમને કેબિનેટમાં સ્થાન મળી શકે તેવા હાલાત નથી. એ નોંધવું રહ્યું કે એનડીએ-ભાજપની સરકારમાં અત્યાર સુધી હરિન પાઠક, ભાવના ચિખલિયા, કાશીરામ રાણા અને વલ્લભ કથિરીયા કેબિનેટમાં મિનિસ્ટર રહી ચૂક્યાં છે.

### અમિતાભ માટે પણ અચ્છે દિન આનેવાલે હૈ...

વિશ્વપ્રસિદ્ધ અભિનેતા મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચન માટે પણ અચ્છે દિન આનેવાલે હૈ... આવું કેમ... હાલ અમિતાભ ગુજરાતના ટુરિઝમ ક્ષેત્રના બ્રાન્ડ અમ્બેસેડર છે. હવે તેઓ આખા ભારતના બ્રાન્ડ અમ્બેસેડર બની શકે છે, કારણ કે મોદી હવે માત્ર ગુજરાતના રહ્યાં નથી, તેઓ દેશના થઈ ગયા છે. ગુજરાતના ટુરિઝમને વિશ્વના નકશામાં સ્થાન અપાવનારા અમિતાભ માટે મોદીને અપાર લાગણી છે. બન્ને વચ્ચે અતૂટ નાતો બંધાયો છે. મોદી અમિતાભ માટે અને અમિતાભ મોદી માટે ક્યારેય ખરાબ બોલ્યા નથી. તે બન્નેનો પ્લસ પોઈન્ટ છે. મોદી હવે અમિતાભે ગુજરાતમાં પાથરેલા જાદુનો આખા દેશમાં ઉપયોગ કરશે....

મોદી અને બોલીવુડનો નાતો અદમ્ય છે, જે ક્યારેય બીજા નેતામાં જોવામાં નથી આવ્યું. એકમાત્ર ઈન્દિરા ગાંધી એવા રાજકારણી હતા જેમણે બોલીવુડના સ્ટાર્સને સૌથી વધારે મહત્વ આપ્યું હતું. અમિતાભ બચ્ચનના પરિવાર સાથે ઈન્દિરા ગાંધીને ઘર જેવા રિલેશન હતા. રાજીવ ગાંધીએ પણ અમિતાભની દોસ્તીને ટકાવી રાખી હતી પરંતુ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ અમિતાભ સાથે ખૂબ અંતર બનાવ્યું પરિણામે અમિતાભ ગાંધી પરિવારથી દૂર જતા રહ્યા અને છેલ્લે તેમણે સમાજવાદી પાર્ટીના અમરસિંહને પોતાના મિત્ર બનાવી દીધા હતા. બદલાયેલી સ્થિતિમાં હવે અમિતાભ મોદીના મિત્ર છે અને મોદી અમિતાભના મિત્ર છે...

### નવો મતદાર એફબી-ટ્વિટર સાથે જન્મે છે...

ગુજરાતમાં નરેન્દ્ર મોદીને મોટા કરવાનું, પોપ્યુલર બનાવવાનું અને તેમને રાષ્ટ્રીય ફલક ઉપર પહોંચાડવાનું કામ પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ કર્યુ છે. પાંચ ઉદ્યોગપતિઓની સરકાર, એનકાઉન્ટર અને ગોધરાકાંડ જેવા ત્રણ મુદ્દાઓને લઈને ગુજરાત કોંગ્રેસે ૧૩ વર્ષથી મોદીની રાજકીય લાઈફ લાઈન વધારી આપી છે. કેન્દ્રએ તો કહ્યું હતું કે મોદીને ગુજરાતમાં રોકી લેજો, પણ કોંગ્રેસના નેતાઓ માન્યા નહી અને મોદીને ગુજરાત બહાર ખસેડી દીધા, જે સીધા એઆઈસીસી ઉપર ત્રાટક્યા અને દિલ્હીનું સિંહાસન કબજે કરી લીધું. મોદીએ ગુજરાતની જેમ દિલ્હીમાં કોંગ્રેસનો સફાયો કરી નાંખ્યો...

હવે કોંગ્રેસના નેતાઓ નવરાંધૂપ છે. ૨૦૧૭ અને ૨૦૧૯ની તૈયારી શરૂ કરો પણ તે પહેલાં તમામ નેતાઓએ કોઈ હિલસ્ટેશન ઉપર જઈને વેકેશન ગાળી આવવું પડશે. હવા-પાણી તાજા કરીને કોંગ્રેસને ગુજરાતમાં મજબૂત બનાવવા ભરતી અભિયાન શરૂ કરવું પડશે. જો અત્યારથી જ કોંગ્રેસ સમજી જશે તો આવનારા ઈલેકશનમાં ચોક્કસ ફાયદો થઈ શકે છે. કોંગ્રેસે તેના સંગઠન માળખામાં ધરમૂળથી પરિવર્તન કરવું પડશે. મોદીએ જેની ઉપર સૌથી વધારે મદાર રાખ્યો છે તે સોશ્યલ સાઈટને મજબૂત બનાવવી પડશે, કારણ કે હવે પછીનો પ્રત્યેક નવો મતદાર ફેસબુક અને ટ્વિટર સાથે જન્મ લઈ રહ્યો છે, કોંગ્રેસે આ વાસ્તવિકતા સ્વિકારવી પડશે...

### ગુજરાતની નવી કેબિનેટ કેવી હશે....

ગુજરાતમાં ૨૧ મે પછી નવા મુખ્યમંત્રી આવશે ત્યારે તેમની કેબિનેટ કેવી હશે તેની ચર્ચાએ પાટનગરમાં જોર પકડ્યું છે. હાલના મંત્રીઓ પૈકી ભલે કોઈને પડતા મૂકવામાં ન આવે પણ તેમના વિભાગો બદલાશે તે નિશ્ચિત બની ચૂક્યું છે. એ સાથે રાજયના વહીવટી તંત્રમાં પણ મોટાપાયે ફેરફારો આવી શકે છે. સૌથી ટોચક્રમે જેમનું નામ ચાલે છે તે આનંદીબેન પટેલ મુખ્યમંત્રી બને તો તેમની પાસેના મહેસૂલ, માર્ગ-મકાન અને શહેરી વિકાસ વિભાગો અન્ય મિનિસ્ટરને ફાળે જઈ શકે છે..

૨૦૧૨માં વિધાનસભા ચૂંટણી પછી મોદીએ તેમની ટીમમાં સાત કેબિનેટ અને નવ રાજયકક્ષાના મંત્રીઓ બનાવ્યા હતા, ત્યારબાદ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમણે ૧ નવેમ્બર-૨૦૧૩માં મંત્રીમંડળનું વિસ્તરણ કરી વધુ છ સભ્યોનો ઉમેરો કરતાં હાલની કેબિનેટ ૨૨ની થઈ છે. હવે નિયમાનુસાર માત્ર એક વધુ સભ્ય જ તેમાં ઉમેરી શકાય તેમ છે. જો કે મિનિસ્ટર ઓફ સ્ટેટ લીલાધર વાઘેલા અને જસવંતસિંહ ભાભોર લોકસભાની ચૂંટણી જીતી જતાં બે સભ્યોની જગ્યા ખાલી પડશે જેમાં બે બીજા નવા સભ્યો ઉમેરાય તેવી સંભાવના છે...

### મોદીએ કોગ્રેસની વોટબેન્ક સમાપ્ત કરી....

ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ કોંગ્રેસની અસલી વોટબેન્કને ખતમ કરી નાંખી છે, જેની ભરપાઈ કરતાં કોંગ્રેસને વર્ષો ના વર્ષ નિકળી જશે. ૧૯૯૫માં પહેલીવાર ગુજરાતમાં ૧૨૧ બેઠકો સાથે ભાજપની કેશુભાઈ પટેલની સરકાર સત્તામાં આવી ત્યારે ભાજપને લોકો પટેલોની પાર્ટી તરીકે ઓળખતા હતા. એ વખતે પણ ચૂંટણીમાં સ્ટેટેજી માસ્ટર નરેન્દ્ર મોદી જ હતા, પરંતુ ૨૦૦૧માં સત્તા પર આવ્યા પછી મોદી ધીમે ધીમે એક પછી એક જ્ઞાતિઓને ભાજપની સાથે જોડતા ગયા, પરિણામે આજે કોંગ્રેસ પાસે માધવસિંહ સોલંકીની ખામ થિયરી પણ રહી નથી...

ખામ ના પ્રણેતા માધવસિંહના પુત્ર ભરત સોલંકી આણંદ બેઠક પરથી હારી ગયા છે. આ એક બેઠક કોંગ્રેસ માટે સ્યોર ગણાતી હતી. માધવસિંહે આ બેઠકનું જતન કર્યુ હતું પણ હવે તેમાં ભાજપનો પ્રવેશ થયો છે. ૧૯૯૫ પહેલાં આદિવાસી, દલિત અને મુસ્લિમ મતોનું કોંગ્રેસમાં પ્રભુત્વ હતું પણ તે હવે ખતમ થતું દેખાઈ રહ્યું છે. મોદીએ આદિવાસી વિસ્તારોમાં ડેવલપમેન્ટ વધારીને છેલ્લા સાત વર્ષમાં કાયાપલટ કરી છે. આ વોટબેન્કનું જતન કોંગ્રેસ કરી શકી નથી. ગુજરાતમાં છેલ્લી ત્રણ ચૂંટણીમાં માત્ર ને માત્ર મોદી થિયરી જ કામ કરી રહી છે, જે હવે પૂરા દેશમાં છવાઈ ચૂકી છે...

### કોગ્રેસને માત્ર યુનિટી જ બચાવી શકશે...

ગુજરાતની જેમ ભારતમાં કોંગ્રેસને હવે માત્ર તેની યુનિટી જ બચાવી શકશે, નહીં તો ૨૦૧૪માં હાલત છે તેવી હાલત ૨૦૧૯માં થવાની છે. મોદીનું નિશાન પાંચ વર્ષનું શાસન નહીં આવનારા બીજા પાંચ વર્ષનું પ્લાનિંગ છે. મોદીની કર્મભૂમિ બનવાની છે તે વારાણસીમાં તેમણે એવી જાહેરાત કરી છે કે ભારત શુદ્ધિની શરૂઆત હું વારાણસીથી કરવાનો છું અને ૨૦૧૯ સુધીમાં આખા હિન્દુસ્તાનનું શુદ્ધિકરણ કરીશ. કોંગ્રેસને હવે ભાન થવું જોઈએ કે મોદી જે બોલે છે તે કરે છે....

ચૂંટણી આવતા નેતાઓમાં ખટરાગ ફેલાય છે અને ઉમેદવારોને હરાવવાના જે પેંતરા થાય છે તે કોંગ્રેસે સદંતર બંધ કરી જે ઉમેદવાર આવે તેને આકાશ પાતાળ એક કરી જીતાડવાના કામમાં લાગવું પડશે. કોંગ્રેસે મોદી મોદી બહું કર્યુ. મણિશંકર ઐયરની ચાયવાળાની તીખી પ્રતિક્રિયાએ આખા દેશની કોંગ્રેસને ડૂબાડી છે. કોંગ્રેસે ચૂંટણીમાં જ્ઞાતિવાદમાંથી પણ બહાર આવવું પડશે. વહીવટમાં યુવા અને મહિલા શક્તિનો જોમ આપવો પડશે. ખાસ તો સોશ્યલ સાઈટ અને ઈન્ટરનેટના યુગમાં કોંગ્રેસે અપડેટ થવું પડશે. માત્ર મોદી સામે ઝેર ઓકીને પાર્ટી ચલાવવી હવે અઘરી છે...

### ડો. એસ.કે. નંદા નવા ચીફ સેક્રેટરી બનશે...

ગુજરાતને ચીફ મિનિસ્ટરની સાથે નવા ચીફ સેક્રેટરી પણ મળશે. હાલના ડો. વરેશ સિંહાને આપેલા એક્સટેન્શનની અવધિ જુલાઈમાં પૂર્ણ થાય છે. બે મહિના પછી ગુજરાતના વહીવટી વડા હોમ ડિપાર્ટમેન્ટના એડિશનલ ચીફ સેક્રેટરી નંદા બનશે. સિનિયોરીટીમાં તેઓ પ્રથમ છે. હા, તેમના પછી મોદી અને આનંદીબેન પટેલની નજીક ગણાતા હસમુખ અઢિયાનો વારો આવે છે.